# ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડ,

**બ્લોક નં.૧૧ અને ૧૨, ૬ઠો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર**

## વાહન વેચાણ કમ હરાજી માટેની શરતો.

૧. નિગમ ધ્વારા વેચાણ કરવાના વાહનો તથા તેના મોડલ નંબરની વિગત મુજબ છે.

| ક્રમ | વાહનનું નામ | નંબર | ખરીદીનું વર્ષ | તળીયાની કિંમત રૂ. |
|---|---|---|---|---|
| ૧. | મારુતિ એસ્ટીમ | જીજે–૧૮ એ ૨૯૯૭ | જૂલાઇ–૧૯૯૯ | ૫૬,૦૦૦ |
| ૨. | સેલો | જીજે–૧ એઆર ૩૪૪૫ | ફેબ્રુઆરી–૧૯૯૭ | ૨૧,૦૦૦ |
| ૩. | એમ્એસેડર | જીજે ૧ એપી ૩૭૦૩ | ઓકટોબર–૧૯૯૭ | ૧૯,૦૦૦ |
| ૪. | ટાટા સુમો | જીજે ૩ કે ૪૭૮૩ | ઓકટોબર–૧૯૯૭ | ૫૨,૦૦૦ |
| ૫. | મારુતિ એસ્ટીમ | જીજે ૧૮ એ ૪૪૦૬ | એપ્રિલ–૨૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૬. | મારુતિ વેગનઆર | જીજે ૧૮ એ ૪૩૧૭ | મે–૨૦૦૦ | ૬૮,૦૦૦ |

**૨.** આ વાહનો તા.૧૦.૦૭.૨૦૧૩ થી તા.૧૨.૦૭.૨૦૧૩ સુધી સવારે ૧૧.૦૦ થી ૫.૦૦ દરમ્યાન ઉપરોકત સરનામે રુબરુમાં જોઇ શકાશે.

**૩.** હરાજીમાં ભાગ લેનાર દરેક વ્યકિત/પાર્ટીએ દરેક વાહન માટે અલગ ભાવપત્રક તથા તે પ્રમાણે ઇ.એમ.ડી.ની રકમ "જી.આઇ.આઇ.સી.લિ., ગાંધીનગર"ના નામના પે–ઓર્ડર/ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે સીલબંધ કવરમાં અલગથી ભરવાની રહેશે.

**૪.** જાહેરાત પ્રસિધ્ધ થયા બાદ તા.૧૫.૦૭.૨૦૧૩ના રોજ ૫.૦૦કલાક સુધીમાં રૂ.૫,૦૦૦/–નો "જી.આઇ.આઇ.સી.લિ., ગાંધીનગાર"ના નામનો પે ઓર્ડર /ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે સીલબંધ કવરમાં ઇન્ચાર્જ મેનેજર(પીએ એન્ડ પીઆર), જી.આઇ.આઇ.સી.લિ., બ્લોક નં.૧૧ અને ૧૨, ૬ઠો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર"ની કચેરીને કવર ઉપર "વાહનો વેચાણ માટેના ભાવ" તેમ દર્શાવી કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

**૫.** વાહનોના સીલબંધ કવર તા.૧૬.૦૭.૨૦૧૩ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે અને ત્યારબાદ તુરતજ હરાજી કરવામાં આવશે. આ હરાજીમાં જે વ્યકિતએ જે તે વાહન માટે ભાવપત્રકો ભરેલ હશે અને જે વાહન માટે ડીપોઝીટની રકમ રજૂ કરેલ હશે તે જ ભાગ લઇ શકશે.

**૬.** વાહનની હરાજીની કિંમત બાબતમાં વ્યકિત/પાર્ટીઓ વચ્ચે અંદરોઅંદરની સમજૂતિ અથવા વાહનની વાજબી કિંમત મળવાપાત્ર નથી તેમ નિગમને જણાશે તો વાહનની હરાજી કરવાનો નિર્ણય મોકુફ રાખી શકશે.

૭. વાહનની નકકી કરેલ તળીયાની કિંમતથી ઓછી કિંમતના ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહિં. આવા ભાવપત્રક આપોઆપ રદ થયેલા ગણવામાં આવશે.

૮. હરાજીમાં જે વ્યકિત/પાર્ટીઓએ ભરેલા ભાવપત્રક/હરાજીમાં સ્વીકારવામાં સ્વીકારવામાં નહિં આવે તો તેઓએ ઇ.એમ.ડી.ની રકમ તુરતજ પરત મેળવી લેવાની રહશે.

૯. હરાજીમાં જેમની બોલી સૌથી ઉચી હશે તેવી બે વ્યકિત/પાર્ટીઓના ભાવપત્રક નિગમ પાસે અનામત રાખવામાં આવશે. પ્રથમ મહત્તમ બોલી બોલનાર વાહન મેળવવામાં અસંમત થયેથી તે પછીના ઓછી બોલી બોલનારને વાહન મેળવવાની તક આપવામાં આવશે.

૧૦. હરાજીમાં જેમની બોલી સૌથી ઉચી હશે તેમના ભાવ સ્વીકારવામાં આવશે. સૌથી ઉચી બોલીની રકમ ઉપર ભરવાપાત્ર વેટની રકમ ઉમેરવાની રહેશે.

૧૧. હરાજીમાં વાહનદીઠ જેમની બોલી સૌથી ઉચી હશે તેઓના ભાવની આખરી મજૂરીની જાણ જે તે વ્યકિત/પાર્ટીને કરવામાં આવશે. આ બાબતની જાણ થયેથી સંપૂર્ણ કિંમત દિવસ–૧૦માં નિગમની ઉપરોકત કચેરીમાં "જી.આઇ.આઇ.સી.લિ., ગાંધીનગર"ના નામના પે–ઓર્ડર / ડીમાન્ડ ડ્રાફટથી જમા કરાવવાની રહેશે. સદર રકમ નિયત સમયમર્યાદામાં ભરપાઇ કરવામાં આવશે નહિં તો ઇ.એમ.ડી.ની રકમ સહિત ભરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

૧૨. વાહનોની હરાજી માટે ભરેલા ભાવપત્રકો સ્વીકાર કરવાની/ ખોલવાની/ ફેરફાર કરવાની/ રદ કરવાની કે ઓફર મંજૂર કે નામંજૂર કરવાની આખરી સત્તા જી.આઇ.આઇ.સી.લિ.ની રહેશે.

૧૩. વાહનની ખરીદીની તારીખથી ભરવાપાત્ર વેરા, ટ્રાન્સફર ફી, રજીસ્ટ્રેશન ફોર્મ, વાહન ખરીદનાર વ્યકિત/પાર્ટીએ ભરવાના રહેશે. વાહનની પુરી કિંમત ચૂકવ્યેથી વાહનનું રજીસ્ટ્રેશન સંબંધી ઔપચારિકતા પૂર્ણ કર્યા બાદજ વાહનનો કબજો વાહન ખરીદ કરનાર વ્યકિત/પાર્ટીને નિગમ ધ્વારા સૂપ્રત કરવામાં આવશે.

– – –